ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# હવે, વિશ્વ પ્રસિદ્ધ લીલાવતી હોસ્પિટલ ગીફ્ટસીટીમાં બનશે

## તેર માળના બિલ્ડીંગમાં વિશ્વ પ્રસિદ્ધ લીલાવતી હોસ્પિટલ બનતા ગુજરાતમાં મેડીકલ ટુરીઝમને પ્રોત્સાહન મળશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક ઝડપથી વિકાસ પામી રહેલા ગીફ્ટસીટીમાં વર્લ્ડ ફેમસ લીલાવતી



હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. ૩૦૦ કરોડના ખર્ચે ૧૩ માળના બિલ્ડીંગમાં કાર્યરત થનાર લીલાવતી હોસ્પિટલના કારણે ગુજરાતમાં મેડીકલ ટુરીઝમને પ્રોત્સાહન મળશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ર સમાન ગીફ્ટસીટીનો વિકાસ ધીમે ધીમે વેગ પકડી રહ્યો છે. ગીફ્ટસીટીમાં ઘણા ટાવર કાર્યરત થઈ ચૂક્યા છે. વર્લ્ડક્લાસ બેંકો અને ફાયનાન્સીયલ કંપનીઓ કાર્યરત થઈ ચૂકી છે.

ગીફ્ટસીટી સુધી પરિવહન સેવાને મજબૂત કરવા મેટ્રો ટ્રેનને અહીં સુધી લંબાવવામાં આવી રહી છે. આગામી વર્ષ સુધી મેટ્રો ટ્રેન ગીફ્ટસીટી સુધી શરૂ થઈ જશે. અન્ય પ્રોજેક્ટ પણ અહીં ટૂંક સમયમાં કાર્યરત થઈ જશે. તેમાં સૌથી વધુ ધ્યાનાકર્ષક પ્રોજેક્ટ વર્લ્ડ ફેમસ લીલાવતી હોસ્પિટલનો છે. સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર મુંબઈમાં લીલાવતી હોસ્પિટલનું સંચાલન કરનાર લીલાવતી કીર્તિલાલ મહેતા ટ્રસ્ટ ટૂંક સમયમાં ગીફ્ટસીટી ખાતે લીલાવતી હોસ્પિટલ કાર્યરત કરવાનુ આયોજન કરી રહ્યુ છે. આ હોસ્પિટલ તેર માળના બિલ્ડીંગમાં કાર્યરત થશે. લગભગ ૩૦૦ કરોડના ખર્ચે ૩૦૦ બેડની હોસ્પિટલમાં વર્લ્ડક્લાસ આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ બનશે. ગીફ્ટસીટીમાં હોસ્પિટલને ૫.૫૦ લાખ સ્કવેર ફૂટ જગ્યા ફાળવવામાં આવશે. લગભગ ૨૦૨૫ના અંતમાં આ વર્લ્ડક્લાસ હોસ્પિટલ કાર્યરત થઈ જાય તેવુ આયોજન છે. આ હોસ્પિટલ શરૂ થતાં અમદાવાદ-ગાંધીનગરને ફાયદો મળશે જ સાથે જ ગુજરાતના મેડીકલ ટુરીઝમને પ્રોત્સાહન મળશે. શ્રેષ્ઠ તબીબી સારવાર અહીં ઉપલબ્ધ થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# સે-૧૬ ઝુંપડામાંથી હથિયાર મળ્યા

## બ્રહ્મસમાજના સમૂહ લગ્નમાં સુરતથી આવેલા મહેમાનોની કારના કાચ તોડી ચોરાઈ ગયેલો સામાન પકડાયો : સ્થાનિક કોર્પોરેટર ગૌરાંગ વ્યાસ અને જાગૃતિ નાગરીકોના સર્ચ ઓપરેશનમાં સામાન અને હથિયારો પકડાયા



ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૧૬ બ્રહ્મભવન ખાતે સમુહ યજ્ઞોપવિત અને લગ્નોત્સવ હોવાથી સવારથી જ સમાજનાભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. ત્યારે ગઈકાલે સાંજે લગ્નોત્સવ દરમિયાન કેટલીક ગાડીઓના કાચ તોડી કિંમતી ચીજવસ્તુઓની ચોરી થઈ હોવાની ફરીયાદો ઉઠી હતી. જો કે ચોરીની વાત વાયુવેગે સમગ્ર સેકટરમાં ફેલાઈ હતી. ત્યારે સેકટર-૧૬માં રહેતા એક જાગૃત મહિલાએ સ્થાનિક કોર્પોરેટરને ફોન કરી કહ્યું હતું કે તેમના ઘરની સામે રહેતા ઝુંપડાવાસીઓ ગઈકાલે સાંજના મોટા થેલા અને કિંમતી બેગો લઈ શંકાસ્પદ પ્રવૃતિ કરતા નજરે પડ્યા હતા. જેથી ગૌરાંગ વ્યાસે સ્થાનિક નાગરીકો સાથે ઝુંપડપટ્ટીમાં સર્ચ કરતા સમગ્ર પ્રકરણ સામે આવ્યું હતું. શહેરના સેકટર-૧૬ બ્રહ્મભવન ખાતે ગઈકાલે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આયોજીત પંચમ સમુહ યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ અને સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્રહ્મસમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે સાંજના લગ્નોત્સવમાં દરમિયાન કેટલીક ગાડીના કાચ તોડીને ચોરી થઈ હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી હતી. કેટલાક જાનૈયાઓની ગાડીમાંથી પર્સ, કપડા, રોકડ, દાગીના સહિત કિંમતી ચીજવસ્તુની ચોરી થઈ હતી. સુરતથી આવેલા જાનૈયાઓને જે પરિચિતના ઘરે જવાનું હતું. તેઓ ફોન કરી ઘરે આવવા માટે જણાવી રહ્યા હતા.ત્યારે પોતાની ગાડીમાંથી સામાનની ચોરીની સુરત થી આવેલા મહેમાનોએ જાણ કરી હતી.

ત્યારબાદ આ જાગૃત મહિલાએ રાત્રીના સમયે સામે ઝુંપડપટ્ટીમાં રહેતા કેટલાક વ્યકિતઓને થેલા અને બેગ સાથે શંકાસ્પદ રીતે જોતા તેમણે કોર્પોરેટરને જાણ કરતા સમગ્ર હકીકત સામે આવી હતી.

જયારે પાટનગર યોજના વિભાગની પાછળ આવેલા ઝુંપડાઓમાં શંકાસ્પદ ભુમીકા લાગતા સ્થાનિક કોર્પોરેટર ગૌરાંગ વ્યાસ અને જાગૃત નાગરીકોએ તપાસ આરંભી હતી. જેમાં ઝુંપડામાંથી ચોરી થયેલો સામાન તેમજ હથીયાર પણ મળી આવ્યા હતા.

ત્યારે આ બનાવની જાણ થતા સેકટર-૨૧ પોલીસની પીસીઆર વાન પણ સેકટર-૧૬ ખાતે દોડી આવી હતી. પોલીસે તપાસ કરતા ઝુંપડપટ્ટીમાંથી મોટીસંખ્યામાં ચોરી કરેલા થેલા, નવા કપડા, સહિતનો સામાન બિનવારસી હાલતમાં પડ્યો હતો. ત્યારે છાપરામાંથી ચપ્પા અને છરા સહિતના ઘાતક હથીયાર પણ મળી આવ્યા હતા. જયારે પોલીસને ઝુંપડામાં રહેતા શખ્સોના ફોટા પણ મળી આવ્યા હતા. પોલીસે સામાન કબ્જે કરી ઝુંપડામાં રહેતા શખ્સોને શોધવાની કામગીરી તેજ કરી છે.

# દહેગામમાં રખડતા ઢોરની અડફેટ વાગતાં મહિલાનું મોત

ગાંધીનગર, તા. ૬

દહેગામ શહેરમાં રખડતા ઢોરના આતંકથી રાહદારીઓ અને શહેરીજનો પરેશાન થઈ રહ્યા છે. આજે દહેગામ-વાસણા રાઠોડ પર એક રખડતી ગાયે અડફેટમાં લેતાં નીચે પટકાયેલી મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યુ હતુ. જ્યારે મહિલાની સાથે રહેલી બાળકીનો આબાદ બચાવ થયો હતો.

આ ઘટનાને પગલે ઘટના સ્થળે મૃતકના સ્વજનો તેમજ એકત્ર થયેલા લોકોએ હુમલો કરનાર પશુના માલિકને હાજર કરવામાં ન આવે ત્યાં સુધી મૃતદેહ ઉઠાવવાની ના પાડવામાં આવતાં દહેગામ પી.આઈ. ગોયલ અને સ્ટાફ દ્વારા સમજાવવાના પ્રયાસ કરાયા હતા.

મળતી વિગતો પ્રમાણે આજે દહેગામ-વાસણા રાઠોડ માર્ગ પર ભૂતેશ્વરી ગામની મહિલા અને તેની બાળકી પસાર થઈ રહ્યા હતા ત્યારે રખડતા પશુએ મહિલાને અડફેટમાં લીધી હતી. ભૂતેશ્વરી ગામની મહિલા મધુબેન ડી. સોનારા અડફેટને કારણે જમીન પર પટકાતાં તેણીનીને માથાના ભાગે ઈજા પહોંચી હતી અને વધુ પડતુ લોહી વહી જવાના કારણે ઘટનાસ્થળે જ છેલ્લા શ્વાસ લીધા હતા.

આ અંગે ૧૦૮ને જાણ કરવામાં આવતાં ઈએમટી નરેશસિંહ અને પાયલોટ દિલીપસિંહ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા તપાસ કરતાં મહિલાનુ મરણ થઈ ગયુ હોવાનુ સામે આવ્યુ હતુ.

બનાવને પગલે લોકોના ટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલ હોસ્પિટલના આધુનિકરણ અને નવીનીકરણની યોજના તૈયાર

## ડેપોથી સિવિલ માટે ઈ-રિક્ષા વિના મૂલ્યે અપાશે : ઓપીડી અને વોર્ડ માટે કલર કોડ : બે શુલભ શૌચાલય બનશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને હવે મોડેલ હોસ્પિટલ તરીકે ડેવલપ કરવા માટેનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

સિવિલ હોસ્પિટલમાં આગામી દિવસોમાં અનેકવિધ પગલાંઓ આ સંદર્ભે લેવામાં આવશે. ટોકન પ્રથાને અમલી બનાવવા ઉપરાંત સેવાઓ ગુણવત્તાસભર બનાવવા સહિતના પગલાં લેવામાં આવશે.

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા દર્દીઓ માટે ટૂંક જ સમયમાં ઈ.રિક્ષાની સેવા શરૂ કરાશે. એસ.ટી. ડેપોથી સિવિલ સુધી ફ્રી માં આ ઈ.રિક્ષાઓ દર્દીઓને લઈ આવશે. આ અંગે અમદાવાદમાં પ્રાયોગિક પ્રયત્નને સારો પ્રતિસાદ મળતાં હવે ગાંધીનગર સિવિલ માટે પણ એસ.ટી. ડેપોથી સિવિલ માટેની ઈ.રિક્ષાનો પ્રોજેક્ટ અમલી બનાવવાના ચક્રો ગતિમાન થઈ ગયા છે.

સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં બે સ્થાનો પર શુલભ શૌચાલયો પણ બનાવવામાં આવશે. આ માટે સ્થળની પસંદગી થઈ ગઈ છે તેમજ તે માટેની કામગીરી શરૂ કરવા માટે લીલી ઝંડી પણ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સિવિલ હોસ્પિટલમાં હવે કલર કોડ અમલી

● અનુસંધાન પાન-૭ પર

## જશુભા રાણાની પ્રથમ પુણ્યતિથિએ ભજન સંધ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સ્વ. જશુભા રાણાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે આજે સ્મૃતિ વંદનાનું આયોજન તેમના વતન ધણપ ખાતે કરવામાં આવ્યુ છે.

રઘુકુળ ફાર્મ-ધણપ ખાતે રાત્રે ભજન-સંધ્યાનો કાર્યક્રમ સ્મૃતિ વંદના રૂપે યોજાયો છે જેમાં જાણીતા ભજનીક પદ્મશ્રી હેમંત ચૌહાણ ઉપસ્થિત રહી ભજનના સુર રેલાવશે તેમ પરિવારની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સ્વ. જશુભા "ભા"ના નામે લોકોમાં જાણીતા હતા.

# એકમ કસોટીઓના ભારણથી શિક્ષકો વર્ગખંડમાં પૂરતો સમય આપી શકતા નથી

## એકમ કસોટી મામલે સર્વે હાથ ધરાયો જેના અંતે સરકારમાં રજૂઆત કરાશે

ગાંધીનગર, તા. ૬

એકમ કસોટીના ભારણથી શિક્ષકો પૂરતો સમય વર્ગખંડમાં હાજરી આપી શકતા નથી. ધો. ૩ થી ૧૨માં એકમ કસોટીના આયોજનના લીધે કસોટીના ડેટાની ઓનલાઈન એન્ટ્રી કરવામાં વધુ સમય આપવો પડે છે. જ્યારે આ મામલે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ગુગલ ફોર્મ મોકલીને સર્વેની પક્રીયા હાથ ધરીને જેના અંતે સમગ્ર મામલે પુનઃ સરકારમાં રજૂઆત કરવામાં આવશે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત દ્વારા રજૂઆતમાં જણાવાયા મુજબ શિક્ષકો વિદ્યાર્થીઓના મુલ્યાંકનની પદ્ધતિના વિરોધમાં નથી. પરંતુ વર્તમાનમાં સતત લેવાતી વિવિધ એકમ કસોટીઓના અતિશય ભારણ તથા દરેક વિદ્યાર્થીના ગુણ ઓનલાઈન કરવાની કામગીરીમાં રોકાયેલા રહેવાના કારણે શિક્ષકો વર્ગખંડમાં પુરતો સમય આપી શકતા નથી. આ મુદ્દે વિવિધ કક્ષાએ રજૂઆતો કરવા છતાં કોઈ હકારાત્મક ઉકેલ નહીં આવવાથી ઓનલાઈન સર્વે કરવાની જરૂરિયાત વર્તાય છે. જેમાં શિક્ષણ

**ધો. ૩ થી ૧૨માં એકમ કસોટીના આયોજનના લીધે કસોટીના ડેટાની ઓનલાઈન એન્ટ્રી કરવામાં વધુ સમય આપવો પડે છે.**

સાથે જોડાયેલ દરેક વ્યક્તિને સામેલ કરવામાં આવી રહ્યાં છે.

સરકાર દ્વારા ધો. ૩ થી ૧૨માં લેવાતી વિવિધ સાપ્તાહિક, માસિક એકમ કસોટી તેમજ વર્ષની શાળાકીય પરીક્ષાઓનું મૂલ્યાંકન કરી આ તમામ ડેટાને ઓનલાઈન એન્ટ્રી કરવાનું ફરજિયાત કરાયુ છે. વધુ પડતી એકમ કસોટીને કારણે થતી વિપરીત અસર અંગે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને રજૂઆત કરીને વિદ્યાર્થી હિતમાં સુચારૂ રીતે, લાંબો સમય અસરકારક રહે તેવી પદ્ધતિ બનાવવા અને પુનઃ વિચારણા કરવા જણાવ્યુ હતુ. હવે સમગ્ર રાજ્યમાં પ્રત્યેક શાળા, તાલુકા, જિલ્લા તથા સંભાગની વાસ્તવિક સ્થિતિ, સમસ્યાઓ તથા એકમ કસોટી અંગે તેઓના અભિપ્રાય જાણવા માટે ઓનલાઈન સર્વેની એક લિંક બહાર પાડવામાં આવી છે. આ સર્વે ૧૫ ફેબ્રુઆરીના રાત્રિના ૧૨ વાગ્યા સુધી ચાલશે. આ લિંકમાં પ્રબુધ્ધ નાગરિકો, અધિકારીઓ, શિક્ષણવિદો, શિક્ષકો, વાલીઓ સહિત નાગરિકો તેમનો અભિપ્રાય આપી શકશે. જેના અંતે સરકારને ફરી રજૂઆત કરવામાં આવશે.



જંત્રી મામલે રજૂઆત - રાજ્યમાં આજથી અમલી બનતા જંત્રીના નવા દર અંગે રાજ્યના બિલ્ડરોના પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને આવેદનપત્ર સુપરત કર્યું હતું... અને સાથે સાથે તેમની રજૂઆતના મુદ્દા પર મુખ્યમંત્રી સમક્ષ વિગતવાર માહિતગાર કર્યા હતા... જંત્રના દરના દરમાં ક્રમશઃ વધારો કરવા અને આગામી ત્રણ માસ સુધી નવા જંત્રના દર મોકુફ રાખવાની મુખ્ય માંગ રાજ્યના બિલ્ડરોની છે...

# અંબોડ પાસે માધવગઢ નજીક અંદાજિત ૨૨૦ કરોડના ખર્ચે દરવાજાવાળો બેરેજ બનાવાશે

## બેરેજ નિર્માણના અંતે ૮ મિલીયન ક્યુબિક ફુટ પાણીનો સંગ્રહ થશે : આસપાસના આઠ ગામોમાં જળસ્તર ઉંચા આવશે : ખેતીને પણ ફાયદો થશે

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં માધવગઢ પાસે દરવાજાવાળો બેરેજ સાબરમત્તી નદી પર બાંધવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે. જિલ્લામાં લાકરોડા અને સંત સરોવર બાદ વધુ એક દરવાજા ધરાવતા બેરેજની યોજનાનુ કામ હાથ ધરવામાં આવશે. આ યોજના પાછળ અંદાજિત રૂ ૨૨૦ કરોડનો ખર્ચ કરાશે જયારે યોજના અન્વયે આઠ કીલોમીટરના કેચમેટ વિસ્તારમાં ૧૦ મિલીયન ક્યુબિક પાણીનો સંગ્રહ થશે યોજના સાકાર થતા આઠ ગામના વિસ્તારમાં પાણીના જળસ્તરમાં નોંધપાત્ર સુધાર આવશે.

ગાંધીનગર જિલ્લામાં ભુગર્ભ જળનુ સ્તર ચિંતાનો વિષય બન્યો છે. જયારે ભુગર્ભ જળનુ સ્તર સુધારવા માટે સિંચાઈ વિભાગ કક્ષાએથી નવતર આયોજન કરવા માટે અભ્યાસ પણ હાથ ધરવામાં આવે છે. જે અન્વયે માધવગઢ બેરેજ યોજના સંદર્ભે પણ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આ યોજના અન્વયે અંદાજિત રૂ ૨૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ અન્વયે દરખાસ્ત સરકારને મોકલી દેવામાં આવી છે જયારે ડિઝાઈન તેમજ સર્વેનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ અન્વયે પ્રથમ તબક્કામાં સાઈટ પર સોઈલ ટેસ્ટીંગ કરવામાં આવશે. બેરેજનુ બાંધકામ થઈ શકે તેમ છે કે કેમ તે અંગેના પરિબળોની પણ ચકાસણી કરવામાં આવશે. નદીના પટ્ટામાં પાણી ભરાઈ રહે તે માટે ઢાળ સહીતની જાણકારી સંદર્ભે આઠ કીલોમીટરના કેચમેટ વિસ્તારમાં પણ વિવિધ માપદંડને ધ્યાનમાં રાખી સર્વે દરમિયાન અભ્યાસ કરાશે. જયારે સંત સરોવરથી માધવગઢ બેરેજનુ અંતર ૨૭ કી મી જયારે માણસા તાલુકામાં સ્થિત લાકરોડા બેરેજ થી માધવગઢ બેરેજનુ અંતર ૧૩ કી મી જેટલુ રહેશે. જયારે આ યોજનાના અંતે ત્રણેય બેરેજના આધારે ૫૦ કીમીના નદી વિસ્તારમાં ભુગર્ભ જળનુ સિંચન થશે. જિલ્લામાં અંબોડ ગામ પાસે માધવગઢ ગામ નજીક આ યોજના તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે આ યોજનાનુ કામ પુર્ણ થયા બાદ અંબોડ , સીતવાડા, પોયડા, સાદરા , વરસોડા, ઈન્દ્રાજપુર અને દેલવાડ ગામ આસપાસ જળ સ્તર ઉંચા આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે. જેના લીધે ખેતીને પણ ફાયદો થશે. મહેસાણા જિલ્લામાં પણ સાબરમતી નદી પર બે નવા બેરેજનુ કામ હિરપુરા અને વલાસણ પાસે પુર્ણ થવામાં છે. આ વિસ્તારમાં નવા ચાર વિયર બાંધવાની યોજના પણ છે. જેને અનુલક્ષી છેલપુર, ફલુ, ફદેડા અને ટેચવા ગામ પાસે વિયર બાંધવા માટે પણ આયોજન કરી દેવાયુ છે.

# જિલ્લામાં ૫૦ ટકાથી ઓછા પરિણામવાળી ૨૭ શાળાઓમાં વધુ એક કલાક શિક્ષણ અપાશે

## ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા નજીકમાં ત્યારે નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધારવા માટે શિક્ષણ તંત્ર એક્ટિવ મોડમાં

ગાંધીનગર તા ૬

આગામી માર્ચ મહીનામાં ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા શરૂ થશે જયારે બોર્ડ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે પણ શિક્ષણતંત્ર દ્વારા હેલ્પલાઈન અને કંટ્રોલ રૂમ કાર્યરત રાખવામાં આવે છે. જયારે બોર્ડની પરીક્ષામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓ માટે પણ વધારાનુ શિક્ષણ આપવા માટે શિક્ષકો સમયદાન આપી રહ્યા છે. પરિણામ સુધારણાનો અનુલક્ષી આવી શાળાઓમાં વધારાનુ એક કલાક શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. આ મામલે સમયાંતરે જિલ્લા શિક્ષણાધિકારી અને આચાર્યો વચ્ચે બેઠક યોજી શૈક્ષણિક કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં ધો -૧૦ અને ૧૨ માં નબળુ પરિણામ ધરાવતી શાળાઓના વિદ્યાર્થીઓ પ્રત્યે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ સુચના આપી છે. નબળા પરિણામ ધરાવતી શાળાઓના આચાર્ય સાથે અગાઉ શિક્ષણાધિકારીએ બેઠક પણ યોજી હતી જયારે આ બેઠક દરમિયાન શાળાના આચાર્યોને પરિણામમાં સુધાર આવે તે માટે શૈક્ષણિક કાર્ય પધ્ધતિ અને સમયના મામલે જરૂરી સુચના આપવામાં આવી હતી. જેમાં પરિણામ ઓછુ ધરાવતી હોય તેવી શાળાઓમાં વધારના એક કલાક શિક્ષણ આપવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શિક્ષકોને વિદ્યાર્થીઓને વધારાનુ શિક્ષણ આપવા માટે એક કલાકનુ સમયદાન આપવા પણ સુચના આપવામાં આવી હતી. ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા દરમિયાન એકબાજુ વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તેમજ તેમની મુંઝવણ દુર થાય તે માટે શિક્ષકોની હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવે છે. જયારે વિદ્યાર્થીઓને કોઈપણ વિષયમાં મુંઝવણ હોય તો તે વિષય શિક્ષકોના નંબર સાથે યાદી પણ પ્રસિધ્ધ કરવામાં આવે છે. વર્ષ દરમિયાન નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણમાં અત્યંત નબળા વિદ્યાર્થીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ શાળા ઉપરાંત ટયુશનના વર્ગોમાં પણ હાજરી આપતા હોય છે. ત્યારે સરકારી શાળાઓમાં પરિણામની ટકાવારીનો ગ્રાફ અગાઉના વર્ષો કરતા સુધારા પર છે. જયારે હાલ પણ નબળા પરિણામ માટે જવાબદાર પરિબળોને ડામવા માટે શિક્ષકોને કામ સોંપવામાં આવ્યુ છે. જયારે આ કામગીરી અન્વયે સમયાંતરે જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી રીવ્યુ બેઠક પણ યોજવામાં આવ છે.

ગાંધીનગર જિલ્લામાં ધો -૧૦ અને ૧૨ માં અંદાજિત ૨૭ જેટલી શાળાઓનુ પરિણામ ૫૦ ટકાથી નીચે હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે બોર્ડની પરીક્ષા પણ નજીકમાં છે ત્યારે આ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com